**ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪ ના પ્રમુખ અધિકારી શ્રી એચ. એ. ભુતવાલા અમદાવાદ સમક્ષ.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૭૫/૨૦૨૧.**

**પ્રથમ પક્ષકાર** : (૧) **ચીફ ઓફીસરશ્રી,**
બારેજા નગરપાલિકા,
નગર સેવા સદન, બારેજા, દસ્ક્રોઈ, અમદાવાદ.
(૨) **કમિશ્નરશ્રી,**
મ્યુનિ. (વહીવટ) ગુજરાત રાજ્ય,
કર્મયોગી ભવન, ચોથો માળ, ગાંધીનગર.
(૩) **પ્રાદેશિક કમિશ્નરશ્રી,**
નગરપાલિકાઓ, પાંચમો માળ,
નવી ગુજરાત હાઉસીંગ બોર્ડની કચેરી,
પ્રગતિનગર, અમદાવાદ

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર** : **ગુજરાત સફાઈ કામદાર મહામંડળ,**
૨૦૧, મોહીની રેસીડેન્સી, પીકનીક હાઉસ સામે,
કાંકરીયા, અમદાવાદ.

પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : વિ. વ. શ્રી કે.વી.ગઢીઆ, શ્રી એમ.કે.પટેલ.
પ્રથમ પક્ષકાર નં.૨ તરફે : .......
પ્રથમ પક્ષકાર નં.૩ તરફે : સરકારી વિ. વ. શ્રી ડી.બી.રાજપુત.
બીજા પક્ષકાર તરફે : પ્રતિનિધી શ્રી કસ્તુરભાઈ મકવાણા.

**: આંક–૧૩ તથા ૧૯ ની વચગાળાની મનાઈ અરજી લગત સંયુકત હુકમ :**

**૧.** આ કામે બીજા પક્ષકારે આ અરજી આપી જણાવેલ છે કે, રેફરન્સના પરિશિષ્ટમાં જણાવેલ કામદારો તેમના નામની સામે દર્શાવેલ દાખલ તારીખથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં દાખલ થયેલા. આ કામદારોએ દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધારે દિવસો કામ કરેલ છે અને સફાઈનું કામ નિયમિતપણે કરી રહયાં છે. પરંતુ કામદારોને સરકારી કર્મચારીઓને મળતા પગાર, મોંઘવારી ભથ્થાં તેમજ અન્ય ભથ્થા વિગેરે આપવામાં આવતા નથી.

કામદારો બારેજા ગ્રામ પંચાયતમાં કાયમી ધોરણે નોકરી કરતા હતા, પરંતુ સને–૨૦૦૫ માં ગ્રામ પંચાયતનું વિલિનીકરણ થવાથી આ કામદારોને કોન્ટ્રાકટરના ઓઠા હેઠળ નોકરીમાં ચાલુ રાખવામાં આવેલ. આ કામદારો વર્ષોથી કાયમી ધોરણે સફાઈની કામગીરી કરતા આવ્યા છે. સરકારશ્રીના તા.૨૨/૦૧/૨૦૦૪ ના ઠરાવથી નગરપાલિકાનું મહેકમનું માળખું નકકી કરવામાં આવેલ છે. જેમાં વસ્તીના ધોરણે વર્ગ વાઈઝ મહેકમ નકકી કરેલ છે. રૂપાંતરીત નગરપાલિકામાં મહેકમ મંજૂર કરેલ ન હોય ત્યાં જે તે વર્ગ મુજબ ગ્રામ પંચાયતના કામદારોને સમાવવાનો ઠરાવ છે. જે ઠરાવ એનેક્ષર–બી થી રજૂ રાખેલ છે. તબદિલ થયેલ કામદારોને સને–૨૦૦૫ થી નગરપાલિકામાં સમાવેશ કરવાના બદલે કામદારોને કોન્ટ્રાકટરના હવાલે મુકવામાં આવેલ જે ગેરકાયદેસર છે. પ્રથમ પક્ષકાર નં.૨ ધ્વારા તા.૧૭/૦૯/૨૦૦૯ મુજબ કુલ–૩૮ સફાઈ કામદારો, ૩ સફાઈ કામદારો અને ૨ મુકાદમની પોસ્ટ મંજૂર કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ મંજૂર મહેકમ મુજબ સબંધિત કામદારોનું સફાઈ કામદારમાં સમાવેશ કરવા આજદિન સુધી પ્રયત્ન કરેલ નથી અને તેઓને વર્ષો સુધી કોન્ટ્રાકટમાં રાખી નિમણૂંક પામવાના તેમના હકક અને વિશેષાધિકારથી વંચિત રાખેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાનું સફાઈ કામદારની પોસ્ટ માટે મંજૂર થયેલ મહેકમ ૪૧ કામદારોનું છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તા.૩૧/૦૩/૨૦૨૨ થી કુલ–૧૮ જગ્યાઓમાં ભરતી કરેલ છે. જેમાં આ કેસના ૯ કામદારોને તથા અન્ય નવા ૯ કામદારોને ફીકસ વેતનથી નિમણૂંક આપેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ આઉટસોર્સીંગ બંધ કરીને તા.૨૯/૦૨/૨૦૨૦ ની સામાન્ય સભામાં ઠરાવ કરી આઉટસોર્સીંગના ૪૧ સફાઈ કામદારોને રોજમદાર તરીકે રાખેલ હતા. સદર કામદારોને સંસ્થાએ કાયમી કરેલ નથી. સંસ્થા પાસે સફાઈનું કામ પુરતા પ્રમાણમાં છે અને દિવસે–દિવસે વસ્તી વધતાં કામ વધતું જાય છે. હાલમાં પણ મંજૂર કરેલ મહેકમની ૨૫ જગ્યા ખાલી છે અને તેમાં એનેક્ષર–એ માં દર્શાવેલ સફાઈ કામદારો કામ કરી રહેલ છે. એનેક્ષર–એ ના કામદારોને કાયમી ન કરવા પડે તે હેતુથી તા.૦૪/૦૪/૨૦૨૨ થી ૩૨ સફાઈ કામદારોને નોટીસ આપીને ૩૦ દિવસ બાદ છૂટા કરેલ છે. સદર કામદારોને છૂટા કરી ઓછા પગારમાં ભરતી કરવા માંગે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૩૧/૦૩/૨૦૨૨ થી ૧૮ નવા કામદારોને નવેસરથી નિમણૂંકના હુકમ આપેલ છે. સંસ્થાએ તા.૦૪/૦૪/૨૦૨૨ ની નોટીસમાં જણાવેલ છે કે

એનેક્ષર–એ ના કામદારોને કામે ચાલુ રાખવામાં આવે તો આર્થિક ભારણ પડે તેમ છે. તેમજ સદર કામદારોને કાયમી કરવા ન પડે તેવા બદઈરાદાથી તા.૦૪/૦૪/૨૦૨૨ ની નોકરીમાં થી છૂટા કરવાનો હુકમ કિન્નાખોરીવાળો છે. નિયમ અનુસાર સફાઈ કામદારોનું સિનિયોરીટી લીસ્ટ બહાર પાડવામાં આવેલ નથી તેમજ સફાઈ કામદારોને છૂટા કરતા પહેલાં સંસ્થાએ સક્ષમ સત્તાધિકારી (મજૂર કમિશ્નરશ્રી) ની પરવાનગી લીધેલ નથી. એનેક્ષર–ઈ માં જણાવેલ સફાઈ કામદારોની સફાઈની કામગીરી નિયમિત રીતે કરી રહયાં છે અને તા.૦૪/૦૪/૨૦૨૨ ની નોટીસનો અમલ થયેલ નથી. તે રીતે એનેક્ષર–ઈ માં દર્શાવેલ કામદારોને છૂટા કરવાનું પગલું શરૂઆતથી જ રદબાતલ છે. બીજા પક્ષકારે દાદ માંગેલ છે કે, સદર કામદારોને કાયદાની પ્રોસીજર અનુસર્યા વિનાં તેમની નોકરીની શરતોમાં ફેરફાર કરે–કરાવે નહિ અને નોકરીમાંથી છૂટા કરે–કરાવે નહિ તેમજ તા.૦૪/૦૪/૨૦૨૨ ના હુકમનો અમલ કરે–કરાવે નહિ તેવા વચગાળાના મનાઈ હુકમની માંગણી કરેલ છે.

**૨.** સદર અરજી રજૂ કરતાં સામાવાળાને તા.૨૯/૦૪/૨૦૨૨ ના મુદ્દતની નોટીસ કરવામાં આવેલ. સદર નોટીસ અન્વયે સામાવાળા સંસ્થા તરફે તેમના અધિકૃત અધિકારીઓ હાજર રહેતાં જે તે સમયે હુકમ કરવામાં આવેલ કે, ''ઔદ્યોગિક વિવાદ ધારા–૧૯૪૭ ની જોગવાઈનું પાલન કર્યા સિવાય સદર વિવાદના સબંધિત શ્રમયોગીઓની નોકરીની શરતોમાં તા.૦૬/૦૫/૨૦૨૨ સુધી ફેરફાર કરવો નહિ તે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. ''

**3.** સદર હુકમ થયા બાદ પ્રથમ પક્ષકાર નં.૧ નાએ મૂળ અરજીનો જવાબ આંક–૨૧ થી અને વચગાળાની મનાઈ અરજીનો જવાબ આંક–૨૨ થી રજૂ કરેલ છે. તેઓએ આંક–૧૩ ની અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકારનો ભારતીય બંધારણના આર્ટીકલ–૧૨ મુજબ ''**રાજય**'' માં સમાવેશ થાય છે અને તેને કર્મચારીની નોકરીની નિમણૂંક અંગેના નીતિ–નિયમો છે. સબંધિત કામદારોની તે ભરતી પ્રક્રિયા અનુસાર નિમણૂંક થયેલ નથી. સફાઈની કામગીરી માટે દૈનિક વેતન મુજબ કામચલાઉ ધોરણે તેઓને રોકવામાં આવેલ હતા. તેમની નોકરી નિયમિત કે કાયદેસર ન હતી, તેથી દરેક દિવસના અંતે તેઓના રોજગારનો અંત આવતો હતો અને તે કારણે સબંધિત કામદારો કોઈ દાદ મેળવવા હકદાર નથી. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાને ગુજરાત મ્યુનિસિપાલીટી એકટ–૧૯૬૩ ની

જોગવાઈઓ અને સરકારશ્રી ધ્વારા વખતો–વખત જાહેર કરવામાં આવતા પરિપત્રો અને સુચનાઓ લાગુ પડે છે અને વડી કચેરી ધ્વારા તા.૧૭/૦૯/૨૦૦૯ ના રોજ ઓછામાં ઓછી જગ્યા મંજૂર કરવામાં આવેલ છે. સંસ્થાનો ખર્ચ નિયત મર્યાદા કરતાં વધી જતાં કાયમી કર્મચારીઓને રીવર્ટ બેક કરવામાં આવેલ અને તેના કારણે સંસ્થાએ ઘણાં માઠા પરિણામોનો સામનો કરવો પડેલો. સંસ્થાની વડી કચેરી ધ્વારા કર્મચારીની નિમણૂંક માટેના નીતિ–નિયમો અને શરતોને આધિન મહેકમ નકકી કરવામાં આવે છે. સબંધિત કામદારોએ તે મુજબની કોઈ પ્રક્રિયામાં ભાગ લીધેલ ન હોય તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર બનતાં નથી. વડી કચેરીના તા.૨૩/૧૦/૨૦૧૭ ના પરિપત્ર મુજબ નગરપાલિકા વિવિધ નિયમો અને શરતોને આધિન ૫૦% જગ્યાઓ ભરી શકે છે. તે મુજબ નગરપાલિકાએ યોગ્ય પ્રક્રિયાનું પાલન કરી તા.૦૪/૦૬/૨૦૨૦ ના રોજ બે વર્તમાન પત્રોમાં સફાઈ કામદાર અને ડ્રેનેજ સફાઈ કામદારની જગ્યા ભરવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરેલ છે અને તે જાહેરાત અનુસંધાને સબંધિત કામદારોએ પણ તેમાં અરજી કરેલી. પસંદગી સમિતિએ તમામ ઉમેદવારોની તપાસ કરી સદર પોસ્ટ માટે ૧૮ ઉમેદવારોને શોર્ટ લીસ્ટ કરેલ. જે પૈકી ૯ ઉમેદવારો આ વિવાદના કામદારોમાંના હતા. વધુમાં ૬ ઉમેદવારોનું વેઈટીંગ લીસ્ટ પણ બનાવવામાં આવેલ. સદર દરખાસ્ત વડી કચેરીને મંજૂરી અર્થે મોકલવામાં આવેલ અને વડી કચેરી ધ્વારા તા.૦૯/૦૩/૨૦૨૨ ના રોજ મંજૂરી આપવામાં આવતાં સફળ ઉમેદવારોને નિમણૂંક પત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે. આ વિવાદ સાથે સંકળાયેલ કામદારોનો નોકરીનો કુલ સમયગાળો એકવર્ષ કરતાં ઓછો છે અને તેઓની યોગ્ય પ્રક્રિયા અનુસર્યા બાદ નિમણૂંક કરવામાં આવેલ નથી. તેઓએ ભરતીની પ્રક્રિયામાં ભાગ લીધા બાદ તેઓ નિષ્ફળ નિવડેલ છે, જેથી આ રેફરન્સ ટકી શકે તેમ નથી. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા ખૂબ નાની નગરપાલિકા છે અને મર્યાદિત આવક ધરાવે છે. સંસ્થાની નાણાંકીય પરિસ્થિતિ ધ્યાને લેતાં બોર્ડે કામદારોને નોટીસ આપવાનું નકકી કરેલ. કાયમી નિમણૂંકની પ્રક્રિયા, કામનું ભારણ અને ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં સબંધિત કામદારોની રજૂઆત યોગ્ય નથી અને તે કારણે તેમને કાયમી કરવાનો અથવા સમાન વેતન ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સબંધિત કામદારો પાર્ટટાઇમ કામ કરે છે અને દૈનિક ધોરણે વેતન ચુકવવામાં આવે છે. તેમના કામની સરખામણી કાયમી કર્મચારીઓ સાથે થઈ શકે

નહિ. ટ્રીબ્યુનલે જે મુદ્દા માટે રેફરન્સ કરવામાં આવેલ છે તેટલા મુદ્દા પુરતો જ ન્યાય નિર્ણય કરવાનો છે, ટ્રીબ્યુનલ તેની ઉપરવટ જઈ શકે નહિ. તે કારણસર માંગ્યા મુજબની દાદ આપી શકાય તેમ નથી. બીજા પક્ષકારે પ્રથમદર્શનીય કેસ સગવડતા–અગવડતાની સમતુલા, નાણામાં ન આંકી શકાય તેવું નુકસાન આ ત્રણ પરિબળો પોતાની તરફેણમાં પ્રસ્થાપિત કરેલ ન હોય તેઓ વચગાળાની દાદ મેળવવા હકદાર નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારની આંક–૧૩ ની અરજી ખર્ચ સહિત રદ કરવા અને તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ આંક–૧૩ લગત આપવામાં આવેલ મનાઈ હુકમ ઉઠાવી લેવા અરજ કરેલ છે.

**૪.** પ્રથમ પક્ષકાર નં.૨ નાએ આ કામે કોઈ જવાબ રજૂ કરેલ નથી. જેથી તેમનો જવાબનો હકક બંધ કરવાનો હુકમ તા.૨૫/૧૦/૨૦૨૧ ના રોજ આંક–૧૧ લગત કરવામાં આવેલ છે.

**૫.** પ્રથમ પક્ષકાર નં.૩ નાએ આંક–૫૩ થી જવાબ રજૂ કરેલ છે. તેઓએ જણાવેલ છે કે સરકારશ્રીના વખતો–વખતના પરિપત્રો, ઠરાવો અને નિયમોનુસાર માન્ય ભરતી પ્રક્રિયા ધ્વારા જ નિમણૂંક થઈ શકે છે. નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવ્યા મુજબ સરકારનો દરેક વિભાગ ઉદ્યોગ નથી. કેન્દ્ર સરકારશ્રીના ૭૪ માં બંધારણીય સુધારાના કારણે નગરપાલિકાને બંધારણીય સ્થાનિક સરકારનો દરજ્જો પ્રાપ્ત થયેલ છે. નગરપાલિકા નફા–લાભ કે ઉત્પાદન–વેચાણ માટેનું કેન્દ્ર નથી, જેથી આઈ.ડી.એકટ–૧૯૪૭ હેઠળ ઉદ્યોગ ગણી શકાય નહિ. નગરપાલિકા અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થામાં મંજૂર સેટઅપ સિવાયની જગ્યાઓ ઉપર લીધેલ કર્મચારીઓ અને માન્ય ભરતી પ્રક્રિયા અનુસર્યા વિનાં નોકરીમાં રાખેલ કર્મચારીઓ પરત્વે લેબર કોર્ટ, ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલને આવા કર્મચારીઓની સેવા નિયમિત કરવા માટે એવોર્ડ કરવાનો કોઈ અધિકાર નથી. રોજમદાર કામદારો નગરપાલિકામાં લાંબા સમયથી કામ કરતા હોવાનાં એકમાત્ર કારણથી કાયમી કરી ન શકાય. કામદારો જે પોસ્ટ ઉપર કામ કરે છે, તે જગ્યાનું સેટઅપ સક્ષમ કક્ષાએથી મંજૂર થયેલ હોય તેવો કોઈ યોગ્ય પુરાવો બીજા પક્ષકારે રજૂ કરેલ નથી. કામદારોની નિમણૂંક સરકારશ્રીની માન્ય ભરતી પ્રક્રિયા અનુસરીને કરવામાં આવી હોય તેવો કોઈ પુરાવો રજૂ થયેલ નથી. નામદાર હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના વિવિધ ચુકાદાઓ અનુસાર નગરપાલિકા સ્થાનિક સરકાર હોય, તેના મહેકમનું નિયમન

અને નિયંત્રણ વૈધાનિક જોગવાઈઓ અનુસાર થતું હોય, કર્મચારીઓની નિમણૂંક માત્ર માન્ય ભરતી પ્રક્રિયા મુજબ જ થઈ શકે. વધુમાં નગરપાલિકાને આઈ.ડી.એકટ લાગુ પડતો ન હોય અને કામદારોની ભરતી સમયે નગરપાલિકા ધ્વારા સરકારશ્રીની જરૂરી નિયમોનુસારની પૂર્વમંજૂરી લીધેલી ન હોય, ગેરકાયદેસર ભરતી પ્રક્રિયા કરેલ હોવાથી બીજા પક્ષકાર માંગણી મુજબની કોઈ દાદ મેળવવા હકદાર ન હોય રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર નં.૩ નાએ તેમના જવાબમાં નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો જણાવેલ છે.

**૬.** બીજા પક્ષકાર તરફે પ્રતિનિધી શ્રી કસ્તુરભાઈ મકવાણાએ આંક–૧૩ ની અરજી મુજબની દલીલ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, કામદારોને તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજ નોકરીમાંથી કિન્નાખોરી રાખી ખોટી રીતે છૂટા કરેલ છે. સદર કામદારો પૈકી ૯ કામદારોને નવી ભરતી પ્રક્રિયા અન્વયે નોકરી આપેલ છે. તે સિવાયના ૩૨ કામદારો આજેપણ રોજમદાર તરીકે નં.૧ સંસ્થામાં કામ કરે છે. તે રીતે તા.૦૪/૦૪/૨૦૨૨ ની નોટીસનું અમલીકરણ થયેલ નથી. કામદારોને કાયદાનુસારની કાર્યવાહી કર્યા વિનાં છૂટા કરવામાં આવે તો કામદારો બેકારીના કારણે તેમનો પરિવાર ગરીબી અને ભૂખમરાનો શિકાર બને તેમ છે. આ રેફરન્સનો આખરી ન્યાય નિર્ણય ન આવે ત્યાં સુધી આંક–૧૩ લગત કરવામાં આવેલ યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો વચગાળાનો હુકમ લંબાવી આપવામાં આવે તો પ્રથમ પક્ષકારને કોઈ નુકસાન થાય તેમ નથી. તે રીતે બીજા પક્ષકારનો પ્રથમદર્શનીય કેસ છે. સગવડતા–અગવડતાની સમતુલા બીજા પક્ષકારના લાભમાં છે. કામદારોને નોકરીમાંથી છૂટા કરવામાં આવે તો બેકારીનો ભોગ બને અને આડકતરી રીતે તેમનો પરિવાર પણ ભોગ બને તેમ છે. વધુમાં કામદારો ઘણાં વર્ષોથી નં.૧ સંસ્થામાં રોજમદાર તરીકે કામ કરતા આવેલ છે. જે અંગેના દસ્તાવેજો અલગ એનેક્ષરથી રજૂ રાખેલ છે. કામદારોને છૂટા કરતા પહેલાં નં.૧ સંસ્થાનો તા.૨૯/૦૨/૨૦૨૦ નો ઠરાવ રદ કરવો પડે, જે ઠરાવ રદ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં જો બીજા પક્ષકાર કામદારોની તરફેણમાં મનાઈ હુકમ આપવામાં ન આવે તો સબંધિત કામદારોને નાણામાં આંકી ન શકાય તેવું ગંભીર નુકસાન થાય તેમ છે. જે તમામ હકીકત ધ્યાને લઈ આંક–૧૩ ની વચગાળાના મનાઈ હુકમની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

૭. પ્રથમ પક્ષકાર નં.૧ તરફે વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં આંક–૨૨ ના જવાબ મુજબની હકીકતો જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, રેફરન્સની અનુસૂચિમાં જણાવ્યા મુજબ તમામ ૪૧ કામદારોની નિમણૂંક તા.૦૧/૦૨/૨૦૨૦ ની છે. તેઓએ રોજમદાર તરીકે સફાઈ કામગીરી કરવાની રહે છે. રોજમદાર તરીકે નોકરીમાં જોડાયાના ખૂબ જ ટૂંકાગાળામાં સબંધિત કામદારોએ આ રેફરન્સ કેસ મંજૂર થયેલ કાયમી જગ્યા ઉપર તેઓને તાત્કાલિક અસરથી સમાવી લેવા અને તે મુજબ પગાર ગ્રેડ, મોંઘવારી ભથ્થા, હકકો–લાભો મેળવવા માટે કાર્યવાહી કરેલ છે. નં.૧ સંસ્થાએ નિયમ અનુસારની કાર્યવાહી કરી વડી કચેરીએ મંજૂર કરેલ મહેકમ અનુસાર સફાઈ કામદારો માટેની ભરતીની જાહેરાત બે વર્તમાન પત્રોમાં આપેલી. જાહેરાત પ્રસિધ્ધ થયા બાદ કામદારોએ તથા અન્યોએ અરજી કરતા સિલેકશન કમિટીએ કાર્યવાહી કરેલી. સદર ૪૧ કામદારો પૈકી ૯ કામદારો નિયમિત ભરતી પ્રક્રિયામાં નિમણૂંક પામેલ છે. અન્ય કામદારો ભરતી પ્રક્રિયામાં સિલેકટ થયેલ નથી. તે સિવાયના અન્ય નવા ૯ વ્યકિતઓને ભરતી પ્રક્રિયા અન્વયે નિમણૂંક આપતાં કુલ–૧૮ વ્યકિતઓની નિયમોનુસાર ભરતી થયેલ છે. અનુસૂચિમાં જણાવ્યા મુજબના કામદારો પૈકી ૩૨ કામદારો રેગ્યુલર પ્રોસેસમાં સિલેકટ થયેલ ન હોય, તેઓ નોકરી મેળવવા હકદાર બનતાં નથી. આ અંગે તેઓએ નામદાર સુપ્રિમ કોર્ટનો **યુનિયન ઓફ ઈન્ડિયા –વિ– રઘુવર પાલ સિંઘ. ૨૦૧૮ ।।। સી.એલ.આર.–૧૫૫ નો** ચુકાદો તેમજ નામદાર દિલ્હી હાઈકોર્ટનો **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ. –વિ– યુનિયન ઓફ ઈન્ડિયા ૨૦૧૩ એલ.એલ.આર.–૧૧૫ નો** ચુકાદો રજૂ કરેલ છે.

૮. પ્રથમ પક્ષકાર નં.૩ તરફે સરકારી વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, નગરપાલિકાનો સમાવેશ આઈ.ડી.એકટ–૧૯૪૭ હેઠળ ઉદ્યોગમાં થતો ન હોય તેમજ સબંધિત કામદારો નિયમ અનુસારની માન્ય ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂંક થયેલ ન હોય તેઓ વચગાળાની કે અન્ય કોઈપણ પ્રકારની દાદ મેળવવા હકદાર બનતાં નથી.

૯. ઉભય પક્ષકારોની દલીલો તથા રજૂ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. રેફરન્સમાં જણાવેલ માંગણીઓ અને કર્મચારીઓની નિમણૂંક તારીખ જોતાં સબંધિત કામદારોની નિમણૂંક તા.૦૧/૦૨/૨૦૨૦ દર્શાવેલ છે. બીજા પક્ષકારે તેમનાં માંગણાનાં નિવેદનમાં જણાવેલ છે કે, કામદારો એક જ જગ્યાએ કાયમી પ્રકારની સફાઈની કામગીરી કરી

રહયાં છે. પરિશિષ્ટ–અ મુજબના સફાઈ કામદારો વર્ષોથી કાયમી ધોરણે સફાઈની કામગીરી કરતા આવ્યા છે. તે દર્શાવવા માટે બીજા પક્ષકાર તરફે એનેક્ષર–ડી થી નગરપાલિકાના તા.૨૯/૦૨/૨૦૨૦ ના ઠરાવની નકલ રજૂ રાખેલ છે. જે ઠરાવ વંચાણે લેતાં આઉટસોર્સીંગ પધ્ધતિ બંધ કરી માનવ સેવા શકિત મંડળ અમદાવાદનો કોન્ટ્રાકટ તા.૩૧/૦૧/૨૦૨૦ થી રદ કરેલ છે. તેમજ ફેબ્રુઆરી–૨૦૨૦ થી સફાઈ કામદારોને લઘુતમ વેતન પ્રમાણે પગાર ચુકવવાનું ઠરાવેલ કરેલ છે. આ ઠરાવ રેફરન્સમાં જણાવેલ ૪૧ કામદારોના સબંધે કરવામાં આવેલ છે, જેમાં તમામ ૪૧ કામદારોના નામ સદર ઠરાવમાં દર્શાવેલ છે. સદર ઠરાવની અસરના રૂપે ત્યારબાદ તે જ ૪૧ કામદારોને તા.૦૧/૦૨/૨૦૨૦ ની તારીખથી રોજમદાર તરીકે નિમણૂંક આપેલ છે. પક્ષકારોની રજૂઆત તથા પ્લીડીંગ વંચાણે લેતાં સદર ૪૧ માંથી ૯ કામદારો નિયત ભરતી પ્રક્રિયા પસાર કરી નિમણૂંક પામેલ છે. અનુસૂચિ પૈકીનાં ૩૨ કામદારો હાલમાં પણ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવી રહેલ છે. આમ વાસ્તવિક રીતે તા.૦૪/૦૪/૨૦૨૨ ની નોટીસની અમલવારી શકય બનેલ નથી. બીજા પક્ષકારના સબંધિત કામદારોનો આ રેફરન્સ કેસ પેન્ડીંગ છે તે દરમ્યાન તેઓને યોગ્ય પ્રક્રિયા અનુસર્યા વિનાં કામગીરીમાંથી છૂટા કરવામાં આવે તો આ રેફરન્સ કેસનો કોઈ અર્થ રહે તેમ નથી અને રેફરન્સ ઈન્ફકચ્યુઅસ બની જાય તેમ છે. પક્ષકારો વચ્ચેની મુખ્ય તકરારનો પુરાવો નોંધ્યા બાદ ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરી શકાય તેમ છે અને તેમ કરતાં સમય લાગે તેમ છે. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે થયેલી રજૂઆતો પણ ધ્યાને લેવી યોગ્ય જણાય છે. પ્રથમ પક્ષકાર તરફે રજૂ કરેલ **યુનિયન ઓફ ઈન્ડિયા –વિ– રઘુવર પાલ સિંઘ. ૨૦૧૮ III સી.એલ.આર.–૧૫૫** ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, જયારે રાજય કે જાહેર સંસ્થામાં કર્મચારીની નિમણૂંક જરૂરી નીતિ–નિયમોનું પાલન કર્યા વિનાં કરવામાં આવે તો તે ગેરકાયદેસર છે અને તે કાયદામાં ટકવા પાત્ર નથી. **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ. –વિ– યુનિયન ઓફ ઈન્ડિયા ૨૦૧૩ એલ.એલ.આર.–૧૧૫** ના ચુકાદામાં નામદાર દિલ્હી હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જો વચગાળાની રાહત મંજૂર કરવાથી આખરી દાદ મંજૂર થઈ જતી હોય તો તેવા કિસ્સામાં વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય નહિ. આ કેસની હકીકત ધ્યાને લેતાં સબંધિત કામદારોને કાયમી કરવા અને કાયમી કર્મચારીઓના પગાર ધોરણમાં સમાવવા માટેની તેમની

માંગણી છે. આ કેસની હકીકત અને રેકર્ડ ઉપર આવેલ પરિસ્થિતિ અને માંગેલ દાદ ધ્યાને લેતાં સદર બંને ચુકાદાઓ આ તબકકે પ્રથમ પક્ષકારને મદદરૂપ બનતાં નથી. આ રેફરન્સનો અંતિમ ન્યાય નિર્ણય આવે ત્યાં સુધી સદર કર્મચારીઓને કાયદાનું રક્ષણ આપવામાં ન આવે તો તેમનો આ કેસ નિરર્થક બની રહે તેમ છે. આઈ.ડી.એકટ–૧૯૪૭ ની કલમ–૩૩ વંચાણે લેતાં પણ બીજા પક્ષકાર કાયદાનું રક્ષણ મેળવવા માટે હકદાર છે. તે રીતે બીજા પક્ષકારનો પ્રથમ દર્શનીય કેસ છે અને બેલેન્સ ઓફ કન્વિનિયન્સ પણ તેમના લાભમાં છે. યોગ્ય પ્રક્રિયા અનુસર્યા વિનાં કામદારોને છૂટા કરવાથી તેઓ બેકારીના ખપ્પરમાં હોમાઈ જાય અને ગરીબી તથા ભૂખમરાની પરિસ્થિતિમાં મુકાય તેમ છે. તે તમામ હકીકતમાં સબંધિત કામદારોને રક્ષણ આપવામાં ન આવે તો તેઓને નાણામાં ભરપાઈ ન કરી શકાય તેવું ગંભીર નુકસાન જાય તેમ છે. સબંધિત કામદારો હાલ નોકરીમાં ચાલુ છે તેવી પક્ષકારોની રજૂઆત ધ્યાને લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે કે આ રેફરન્સ કેસ પેન્ડીંગ છે ત્યાં સુધી આઈ.ડી.એકટ–૧૯૪૭ ની જોગવાઈનું પાલન કર્યા સિવાય રેફરન્સ કેસના સબંધિત કામદારોને નોકરીની શરતોમાં ફેરફાર કરવો નહિ.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(૩)** બીજા પક્ષકાર જે કામદારોને તપાસવા માંગતા હોય તે તમામનો મૌખિક પુરાવો (સરતપાસનું સોગંદનામું) આવતી મુદ્દત તા.૦૮/૦૮/૨૦૨૫ ના રોજ એકસાથે રજૂ કરવા હુકમ કરવામાં આવે છે. બીજા પક્ષકાર અન્ય કોઈ સાહેદ તપાસવા માંગતા હોય તો તે તમામ સાહેદોનું નામ–સરનામા સાથેનું લીસ્ટ મુદૃત તા.૦૮/૦૮/૨૦૨૫ ના રોજ રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સભંળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૦૭/૦૭/૨૦૨૫.

**(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪.
અમદાવાદ.

H.M.PRAJAPATI P.A. **CODE–GJ00883**